આમ છતા જમીનનુ પૃથ્થકરણ કરાવીને જરુરીયાત મુજબ ખાતર આપવામા આવેતો વધારે આર્થિક ફાયદો મળે છે.

### નિંદામણ અને આંતરખેડ:

જુવારના વાવેતર બાદ ૨૫ અને ૫૦ દિવસે હાથથી નિંદામણ કરવુ તથા જમીનમાં વરાપની પરિસ્થિતિ આવે ત્યારે એક આંતરખેડ કરવી. જુવારનાં પાકને ૪૫-૫૦ દિવસ સુધી નિંદામણ મુક્ત રાખવો જરૂરી છે.ભૂંગળી બંધાયા બાદ, ફૂલ ગાંઠ અવસ્થાએ આંતરખેડ કરવાથી તેને નુકશાન થાય તો કણસલા બંધાવાને માઠી અસર પડી શકે છે અને ઉત્પાદન ઘટે છે, આથી ફુલ ગાંઠને નુકશાન ના થાય તેની તકેદારી રાખી આંતરખેડ કરવી.

જુવારના પાકમાં કટોકટીની અવસ્થા અને પિયતની જરૂરીયાત: ચોમાસુ ઋતુ માટે સામાન્ય રીતે પિયતની જરૂરીયાત રહેતી નથી પરંતુ જો ચોમાસમાં વરસાદની ખેંચ હોય તો કટોકટી અવસ્થાએ પિયત આપવું.

જુવારનાં પાકને શિયાળામાં ૫ થી ૬ પિયતની જરૂર રહે છે. પ્રથમ પિયત વાવણી વખતે આપવું ત્યારબાદ બીજુ પિયત એક અઠવાડિયા બાદ આપવુ. આ બંને પિયત હળવા આપવા બાકીના પિયત ૨૦ થી ૨૪ દિવસનાં અંતરે આપવા. દરેક પાકમાં કટોકટીની અવસ્થાની માહિતી અને તે મુજબની કાળજી ખુબજ અગત્યનું પરીબળ છે.

### જુવારમાં આંતરપાક:

જુવારમાં આંતરપાક તરીકે તુવેરનો પાક ખુબજ અનુકુળ જણાયો છે. જેમાં બે લાઇન જુવાર અને એક લાઇન તુવેરની રાખી ૪૫ સે.મી. ના અંતરે વાવેતર કરી શકાય.

કાપણી તેમજ ઉત્પાદન: જો પરિપકવતા વખતે સમયસર કાપણી કરવામાં આવેતો ૧૦ થી ૧૫ ટકા વધુ



ઉત્પાદન મળે છે. દાણાના નીચેના ભાગે કાળું ટપકું દેખાય ત્યારે, દેહધાર્મિક પરીપકવતા આવી ગણાય અને તે વખતે દાણાનો વિકાસ પૂર્ણ થઈ ગયેલ હોય અને તેમાં ૩૦ થી ૩૫ % ભેજ હોય છે. દાણામાં ૨૦ થી ૨૫ ભેજા હોય ત્યારે લણણી કરી લેવી અને ત્યાર બાદ દાણા ને સૂકવી અને ૧૦ % ભેજ રહે પછી સંગ્રહ કરી સકાય.જો દાણાની જુવારની વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવામા આવે તો દાણાનુ ૩૦૦૦ થી ૪૦૦૦ કિલો અને સુકી કડબનુ ૧૦૦૦૦ થી ૧૨૦૦૦ કિલો હેકટર દીઠ ઉત્પાદન મળે છે.

### વધુ ઉત્પાદન મેળવવા માટેના ચાવીરૂપ મુદ્દાઓ

- પાકની સમસર વાવણી કરવી.
- બે લાઈન તથા દરેક લાઇનમા બે છોડ વચ્ચે ભલામણ મુજબ અંતર રાખી એકમ દીઠ છોડની સંખ્યા જાળવવી
- રાસાયણિક ખાતરનો ભલામણ મુજબ ઉપયોગ કરવો
- જો ચોમાસામાં પાછલા વરસાદની ખેચ હોય તો કટોકટી અવસ્થા જેવી કે ફુલ, ગાંઠ અવસ્થા, તેમજ ડુંડાના દાણા બંધાય ત્યારે પિયત આપવું.
- જમીનમાં તિરાડો અટકાવવા આંતરખેડ કરવી.
- વિસ્તારને અનુકૂળ સારી સુધારેલી જાતોનું વાવેતર માટે પસંદગી કરવી.
- પાક નિંદામણ મુક્ત રાખવો.
- સજીવ તેમજ સેન્દ્રીય ખાતરોનો પુરતો ઉપયોગ કરવો. સમયસર પાક સંરક્ષણના પગલાં લેવા.

INTERNATIONAL YEAR OF
MILLETS
2023



# જુવાર ની વૈજ્ઞાનિક પધ્ધતિ

## મિલેટસનું આંતરરાષ્ટ્રીય વર્ષ ૨૦૨૩



## જુવાર
## (સોરઘમ)


**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**
**મંગલભારતી**
મુ.પો.ગોલાગામડી,તા.સંખેડા,
જિ.છોટાઉદેપુર
મો.૮૧૪૧૧૫૦૫૦૦

ગુજરાત રાજયમાં જુવાર એ એક અગત્યનો ધાન્યપાક છે. જેથી વર્તમાન સમયમાં રોકડીયા પાકોનો વાવેતર વિસ્તાર વધતા અનાજ તથા ઘાસચારાની જરૂરીયાતને પહોચી વળવા જુવારનાં પાકનુ મહત્વ વધતુ જાય છે કારણકે જુવાર એકમાત્ર એવો પાક છે કે જે પૌષ્ટિક અનાજ તથા ઘાસચારાની માંગ ને પહોચી વળવા સક્ષમ છે અને પ્રતિકુળ વાતાવરણમાં પણ ટકી શકે છે. આથી દિન પ્રતિદિન વધુ ઉત્પાદન આપતી દાણાની અને ઘાસચારાની જાતોનુ મહત્વ વધતુ જાય છે.

આ ઉપરાંત ખેતીપાકોમાં આવેલ પરિવર્તનો, ભૌગોલિક પરિસ્થિતિ, વાતાવરણીય પરિબળો અને મોટા વિસ્તારમાં એકજ પ્રકારનાં લેવાતાં પાકો, વધુ પડતાં નાઈટ્રોજનયુકત ખાતરોનો વપરાશ અને આડેધડ વપરાતા જંતુનાશકોને લઈને જુવારમાં રોગ જીવાતનાં પ્રશ્નો વધી રહયા છે.

જુવારના પાકમાં તેની જુદી જુદી અવસ્થા દરમ્યાન આવતા વિવિધ રોગોના પરીણામે માઠી અસર થતા ઉત્પાદનમાં તથા તેની ગુણવતામાં ઘટાડો થાય છે. તેના જીવનકાળ દરમ્યાન નીચે પ્રમાણેની મુખ્ય જીવાંતોનો ઉપદ્રવ જોવા મળે છે. અહીં, જુવારના પાકને નુકશાન કરતી મુખ્ય જીવાતોની ઓળખ, નુકશાન તેમજ તેનું નિયંત્રણ વ્યવસ્થાપન કઈ રીતે કરી શકાય તે અંગેની વિસ્તૃત માહિતી આપેલી છે. જે ખેડૂતોને ખૂબજ ઉપયોગી થઈ પડશે.

**જમીન અને તેની તૈયારી :**

જુવારનો પાક આમતો તમામ પ્રકારની જમીનમાં થઇ શકે છે પરતું જુવારના પાકને સારી અને ફળદ્રુપ જમીન વધુ અનુકુળ આવે છે

કાળી, મધ્યમ- કાળી, ગોરાળુ કે કાંપવાળી



જમીનમા જુવારનો પાક સારો થાય છે.

**જમીનની તૈયારી :**

એક હળખેડ તથા બે કરબખેડ દ્વારા ૧૦-૧૫ સે.મી. ઊંડી ખેડ કરી જમીન ભરભરી કરી સમારથી સમતળ કરવી. જમીન તૈયાર કરતી વખતે સારૂ કોહવાયેલુ છાણિયુ ખાતર, બાયો કમ્પોસ્ટ અથવા વર્મી કમ્પોસ્ટ આપવાથી જમીનની ફળદ્રુપતામાં વધારો કરી વધુ ઉત્પાદન મેળવી શકાય.

ખરીફ ઋતુમા વાવણી મોડી થવાના સંજોગોમાં ખેતર નિંદામણ મુક્ત રાખવા, કરબથી ખેડ કરવી.

**જાતની પસંદગી :**

ખરીફ ઋતુ માટે સુધારેલી જાતો :- જીજે ૪૨, જીજે ૪૩, ગુજરાત નવસારી જુવાર-૧, જીજે ૪૪(મધુ), સીએસવી ૩૬, સીએસવી ૩૯ અને સીએસવી ૪૧

સંકર જાતો:- સીએસએચ ૨૭, સીએસએચ ૩૦ અને સીએસએચ ૪૧

રવી ઋતુ માટે સુધારેલી જાતો:- ફુલે રેવતી, જીજે ૧૦૧(મધુ મોતી) અને સીએસવી ૨૬ આર

સંકર જાતો:- સીએસએચ ૧૫ આર

**વાવણીનો સમય ખરીફ:-**

ચોમાસાની શરૂઆતમા અથવા પ્રથમ વાવણી લાયાક વરસાદના પંદર દિવસ સુધીમાં વાવેતર કરવું

રવી:- સપ્ટેમ્બરનાં બીજા પખવાડીયાં થી ઓક્ટોબરના બીજા પખવાડીયાં સુધીમાં વાવેતર કરવું.

**બિયારણનો દર :**

૮ થી ૧૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટર

**બિયારણની માવજત:**

બીજને વાવેતર પહેલા થાયોમેથોકઝામ ૩૦ % દવાનો એક કીલો બીજ દીઠ ૩ ગ્રામ દવાનો પટ અપીને



વાવેતર કરવુ જોઇએ.

**વાવણી અંતર :**

ચોમાસુ અને શિયાળુ પીયત પરિસ્થિતિમાં દાણાની જુવાર માટે બે હાર વચ્ચે ૪૫ સે.મી. અને બે છોડ વચ્ચે ૧૫ સે.મી. અંતર રાખવું. બિન પિયત શિયાળુ જુવાર માટે બે હાર વચ્ચે ૬૦ સેમી અને બે છોડ વચ્ચે ૧૨ સે.મી અંતર રાખવુ.

**ખાતર :**

જૈવીક ખાતરોનો બીજ ને પટ આપીને વાવેતર કરવાથી ખાતરની જરૂરીયાત ઘટાડી શકાય. જમીન તૈયાર કરતી વખતે સારૂ કોહવાયેલુ છાણિયુ ખાતર, બાયો કમ્પોસ્ટ અથવા વર્મી કમ્પોસ્ટ આપવાથી જમીનની ફળદ્રુપતામાં વધારો કરી વધુ ઉત્પાદન મેળવી શકાય.

**રાસાયણીક ખાતર:**

ચોમાસુ અને શિયાળુ પીયત દાણાની જુવારના પાક ને એક હેક્ટરે કુલ ૮૦ કિલોગ્રામ નાઇટ્રોજન અને ૪૦ કિલોગ્રામ ફોસ્ફરસ સક્રિય તત્વ આપવાની ભલામણ છે.

જેમાથી ૪૦ કિલોગ્રામ ફોસ્ફરસ અને ૪૦ કિલોગ્રામ નાઇટ્રોજન પાયાના ખાતર તરીકે વાવણી માટે જમીન તૈયાર કરતી વખતે આપવુ.બાકી રહેલ ૪૦ કિલોગ્રામ નાઇટ્રોજન પાક ૩૦ થી ૩૫ દિવસનો થાય એટલે કે ફૂલ ગાંઠ અવસ્થાએ જમીનમા ભેજ હોય ત્યારે પુર્તિ ખાતર તરીકે આપવુ જોઇએ.આ રાસાયણીક ખાતરને ડી.એ.પી અને યુરિયા ના રૂપમાં ગણતરી કરતા એક હેકટરમાં પાયાના ખાતર તરીકે ૮૭ કીલો ડી.એ.પી અને ૫૩ કીલો ની યુરિયા જરૂર પડે પુર્તી ખાતર તરીકે ૮૭ કીલો યુરિયા ની જરૂર પડે છે શિયાળુ બિનપીયતની જુવાર માટે પાયાના ખાતર તરીકે નાઇટ્રોજન ૪૦ કિ.ગ્રા. અને ફોસ્ફરસ ૨૦ કિ.ગ્રા. પ્રમાણે એક હેક્ટર વિસ્તારમાં આપવા.